સંદેશ . પાના નં. ૦૨ તા. ૧૯.૦૫.૨૦૨૪

# ગરમી અને IPL ઈફેક્ટ : મેટ્રોની દૈનિક મુસાફરોની સંખ્યા વધીને ૧ લાખને પાર

। અમદાવાદ ।

ઉનાળામાં ગરમીનો પારો વધવાને પગલે એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચવા માટે શહેરીજનો મેટ્રોનો ઉપયોગ વધાર્યો છે. જેને પગલે હાલના દિવસોમાં મેટ્રોમાં ચાલુ દિવસમાં મુસાફરોની સંખ્યા એક લાખને પાર પહોંચી છે. શરૂઆતના દિવસોમાં ૩૯ હજારની આસપાસ મુસાફરો દૈનિક મુસાફરી કરતાં હતાં. જે આજના દિવસોમાં એક લાખના આંકડાને પાર કર્યો છે. આ અઠવાડિયાના બે ચાલુ દિવસોમાં વગર મેચ કે જાહેર રજા સિવાય પણ એક લાખથી વધુ લોકોએ મુસાફરી કરી હતી. ૧૦ મેના રોજ સૌથી વધુ ૧.૫૯ લાખથી વધુ મુસાફરો નોંધાયા હતા.